जगदेव परमार नाटकनां

गायनो.

मोरबी आर्य ज्ञानवर्धक नाटक

कंपनीने माटे

રચીને પ્રસિદ્ધ કરનાર

गोकळजी वी. प्राणजीवन रावळ

મોરબી સ્વાજીરાજ પાઠશાળાધ્યક્ષ શીઘ્ર કવી

શંકરલાલ માહેશ્વરનો મુખ્ય વિદ્યાર્થિ.

આવૃતિ ૧ લી

નકલ ૧૦૦૦

अमदावाद मध्ये

મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રિન્ટિંગ અને જનરલ

એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં

રણછોડલાલ ગંગારામે છાપ્યાં.

સંવત ૧૯૪૨.——સને ૧૮૮૬.

કિંમત બે આના.

॥ जगदेव परमार नाटकनां गायनो ॥

॥ मोरबी आर्य ज्ञानवर्धक नाटक कंपनीने माटे ॥

રચીને પ્રસિદ્ધ કરનાર

गोकळजी वी. प्राणजीवन रावळ

મોરબી રાજ્યશાળા પાઠશાળાધ્યક્ષ શીઘ્ર કવી
શંકરલાલ માહેશ્વરના મુખ્ય વિદ્યાર્થિ.

આવૃતિ ૧ લી
નકલ ૧૦૦૦

अमदावाद मध्ये
મામાની હવેલીમાં યુનાઈટેડ પ્રિન્ટિંગ એન્ડ જનરલ
એજન્સી કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યાં.

સંવત ૧૯૪૨.——સને ૧૮૮૬.

કિંમત બે આના.

अर्पण पत्रिका.

(પવીત્ર મિત્ર ત્રીભોવન દયારામ ઠાકર મોરબી)

(મનહર)

પ્રેમ નેમ રાખી રાખી દાખી દાખી દ્રષ્ટી, થકી;
નકી મારૂં શુભ થવા સર્વદા સંભાળો છો;
મિત્રતાના ખરા ગુણ દોષ તો પરખી વળી;
હરખી હમેશ એશ હિંમત નૂ હારોછો;
ચંદ્રને ચકોર મોર મેઘને સ્ફટીક હેમ;
જેવી એવી પ્રિતી શુદ્ધભાવે દરશાવો છો;
સુત ગુણી ત્રીભોવન ભાઈ પ્રીય મીત્ર મારા;
સ્નેહની સરસ વાત થકી હરશાવો છો. ૧

સારી સારી ધારીને વિચારીને ઉચ્ચારી વાત;
કરો કામ આમ એવું હમેશ ઉચ્ચારો છો;
હિતા હિત હમેશ હરશથી વિચારી સારી;
બોધક પ્રસારી વાત એમ ગુજ ધારોછો;
આવા બોધકારી ધારી વચન હું હૃદયમાં;
ધન્ય છે પવીત્ર પ્રીતિ તારી હું હરખું છું;
માટે મારા પ્રીય મિત્રતણું નામ અમર તો;
થવા પ્રેમ પુર્ણતાથી ગ્રંથ આ અરપું છું. ૨

વિનંતી ગોકળજી વી. પ્રાણજીવન રાવળ
મોરબી.

જગદેવપરમાર નાટકનાં ગાયનો.

સુત્રધાર— **મંગલાચરણ.**

(વસંતતિલકા છંદ.)

ધારા ધણી ધરણીમાં ધની ધૈર્ય ધારી,
પ્રાવીણ્ય પ્રિય પ્રભુતા પ્રબલાં ધિકારી;
ભૂપાલ જન્મ ધરી કાર્ય પરોપકારી,
ન્યાયી નૃપાલ ગુણથી નિજ ધર્મચારી. ૧
નિંદા કદી પર તણી ન કરે નૃપાલ,
સુબોધ દાયક પ્રજાપર જે કૃપાલ;
ભક્તી સ્વઇષ્ટ તણી જે કરતો હમેશ,
વિસ્તારી કીર્તિ સુ યશો જશને વિદેશ. ૨
જાહીર નામ જગમાં જગદેવ સ્થાપ્યું,
પુંવાર કુળજ પ્રકાશીત તો કરાવ્યું;
તે રાજવંશી નૃપના સુચરીત્ર ગાઉં,
હે સજ્જનો મન ધરો અતિ નમૃ થાઉં. ૩

જગદેવ—(ઉદયા દીત્ય ઇનામ આપે છે તે નહીં લેવા માટે)

(નાગનકે બચ્ચે નાંગ ઉસે પ્યાર નહી કરના એ રા.)
આનું પરીણામ યોગ્ય નાહીરે થશે,
આ પ્રીતીનાં લક્ષણો દુઃખો વિશે જશે;
માનુ મારી વાઘેલી જો વાત જાણશે.

તો આ સર્વ ગામને ઇનામ માગશે—આનુપરી૦ ૧
આ થકી વિનાશ આપણો પિતા જરૂર,
કાંતો મારે આપ દેશ છોડવો ખસુસ— આનુપરી ૨
માટે કૃપા સાથ આપ પ્રીતી રાખજો,
બેઉ પુત્રછે સમાન એમ માનજો— આનુપરી૦ ૩
હું ઇનામ ચાહતો નથી પીતા પવીત્ર,
વાઘેલીની રીત ભાત છે અતી વીચીત્ર—આનુપરી ૪.

ઉદયાદીત્ય— (રાગ સદર.)

આ શું તર્ક પુત્ર આજ તું કરે ખરે;
લેઈ નામ મુજથી તું નાહીરે ડરે—આ શું તર્ક૦ ૧
મારે તો સમાન બેઉ પુત્ર છે હે વીર,
વાઘેલી થકી તુને શું વિઘ્ન છે હે ધીર— આ શું૦ ૨
આ પચાસ ગામનો હું લેખ આપવા;
સુવર્ણાલંકાર આપું સ્નેહ દાખવા— આ શું૦ ૩
અધને અસી તુને હું પ્રીતથી કરી,
આપવા ખુશી થયોછું લે મતી ધરી— આ શું૦ ૪
બાપુ તું નહી ડરીશ પ્રીય મારા બાલ,
છોડી દે વિચીત્ર મોહની હવે જંજાલ— આ શું૦ ૫

—◦—

(પ્રવેશ ૨ જો.)

જગદેવ—(લખુ નાજર બોલાવવા આવેછે તે વખત)

(ધનુશ છટાયે ધર્યુંરે એ રાહ)

હું સત્વર છુંરે તૈયાર પીતાજી પાસે આવવારે,

મુજ મ ગુ વાઘેલીની પાસ આ દાગીના બતાવવારે ૦ ૧
હું છુ પરમાર કુળનોરે સુર પીતાજી પાસે૦
જેથી ડરને મુક્યોછેરે દુર, આ દાગીના૦ ૨
માનુ સોલંકી આ મારા પ્રણામ પીતાજી પાસે૦
જઈછુ પીતાજીને કરવા સલામ, આ દાગીના૦ ૩

(પ્રવેશ ૩ જો.)

વાઘેલી— (રાગ સીયાંનો કનરો)

મન મથ આજ વીકલ કરેછે,
પુષ્પ બાણ કર ધરી વીચરેછે—મનમથ૦ ટેક
પ્રાણનાથ જ્યારે આવે સખીરી;
લપટ રહું ઊર આજ અધારી—પુષ્પ બાણ૦ ૧
કે મમ દાસી રંગ ભરીરી,
મદમાતી જુવાની આજ ખરીરી—પુષ્પ બાણ૦ ૨

દાસી— (રાગ ઉપરનો)

બાઈ આપ દીલ ખુશ થશેરે,
મન મથ પીડા આજ જશેરે—બાઈ૦ ટેક.
પ્રાણનાથ કર સ્પર્શ થકી તો;
રોમ રોમ રસ શાંત થશેરે—મનમથ૦ ૧
દંત થકી તવ અધર વિદારી,
રંગ ભર તવ વદન લસેરે—મનમથ૦ ૨

વાઘેલી— (ગિતી.)

જબ આવે મમ ભર્તા પિડા કંદર્પનીય હરવાને

ક્યાંને સુખ શાતા વિયોગ દુઃખો નક્કીજ દળનાર ?

દાસિ— (મિતી.)

તવ પતી મુખ દરશનથી શાતા થાશે નહી આજ બાઈ,
આમૂ વૃક્ષને જાય લપટાઈ એમ તું રહે ધાઈ— ૧

ઉદયાદીત્ય—(વાઘેલી જગદેવને આપેલ ઇનામ પાછું લેવા
સુચવે છે તે વખત)

(મુજે છોડ ચલા બનઝારા એ રાહ)

સ્ત્રી જાતીને ધીઃકારછે દુર્ગુણનો ભંડાર— ટેક.
હું નારી મોહની માંય ડુબાણોછુંરે આંય,
જેથી દુઃખ થાય અપાર. છે દુરગુણ૦ ૧
હે નીચ જાત વાઘેલી, તું કાં થા આજ નમેરી;
તુને શત કોટી ધીઃકાર, છે દુરગુણ૦ ૨
હે રાણી * આમારી, જાયછે ઇજત મારી;
માટે મન અરજી ધાર, છે દુરગુણ૦ ૩
ગોકુળના પતી કૃપાલુ, દામોદર દેવ દયાલુ;
કરો કલેશ મુગત આ વાર, છે દુરગુણ૦ ૪

વાઘેલી—(રાજા હુંમેં કોંમકા ઓર ઇંદર મેરા નામ એ રાહ)
એ ઇનામ પાછું લીધો માનો ચતુર સુજાણ,
નહી તો દુઃખ થશે ઘણું જાશે મારા પ્રાણ— ૧
આ અણઘટતુ કામછે જે કીધુંછે આપ,
અશ્વ પાટવીને અસી થકી થયો સંતાપ— ૨
વળી ગાંમ પંચાસનો લેખ કરી આપ્યો;
વેરી જે છે માહરો તેને પુત્ર થાપ્યો— ૩

ઉદયાદીત્ય— (રાગ ઉપરનો)

ચુપકર ચુપકર કામિની, શું બોલેછે મુગ્ધ;
ઝેર વેર રાખો નહી, પરીણામ પર દુઃખ. ૧
મારે પુત્ર સમાન છે, બેઉ રાજવંશી;
લવરી કરમાં શંખીની, કાં નથ લાજ કસી. ૨
કેમ ગુમાન ઘણું કરે, જોબન મદ માતી;
કલેશ મુખની ભામીની, જરા ન લજવાતી. ૩

વાઘેલી—(રઘુપતી રામ રૂદેમાં રેજોરે એ રાહ)

કથન ન કાન ધરીયું મારૂંરે,
પરીણામ થશેરે નઠારૂં; કથન૦ ૧
અમોથી આ ઝેર ના પીવાશેરે,
જેથી દુઃખ તમોને થાશેરે;
કાંતો પ્રાણજ મારારે જાશે, કથન૦ ૨
કહી જગદેવને નવ કેશોરે,
તો આ ભોગ અમારો લેશોરે;
પછી સુખીઆ થઈનેરે રહેશો, કથન૦ ૩
મરૂં છું હું આપના દુઃખેથીરે,
ભલે આપ રહો સુખેથીરે;
થાશે પસ્તાવો નાથ પછીથી, કથન૦ ૪

(ગળે કટાર મારવા જાયછે. તે વખત દાસી હાથ પકડી રાખેછે.)

દાસી— (રાગ કલ્યાણની ઠુમરી.)

સાહસ ન કીજે બાઇ અમારી,

રહો તમે ધીરજને ધારીરે; સાહસન૦ ટેક.
કળા કુશળને આમ ઘટેના,
ક્ષમા રાખો ક્ષમા રાખો સારીરે; સાહસન. ૧
સારૂં થશે ભાઈ ધીરજ રાખે,
રહો એવું ઉરમાં ઊતારીરે; સાહસન૦ ૨

ઉદયાદિત્ય—(જગદેવ ઈનામ પાછું આપી રીસાઈને જાયછે)
(ગજલ. ગયા એકદમ એક જો હવા પલટ એ રાહ.)

ગયો પુત્ર આજ રીસાઈને તવ કૃત્યથી શઠ ભામીની,
તુજ પ્રેમ પાસ બંધાઈને, અવગુણ કર્યું શરમાઈને;
જગદેવ આજ રીસાઈને ગયો શું કરૂં મુજ કામીની, ગ. ૧
હાય નારી વીશની વેલ છે, તેણે જ્ઞાનથી ભુલવેલ છે;
ભરપુર ક્રોધ થયેલ છે, પણ શું કરૂં પ્રીય દામીની, ગ. ૨
આરે વાઘેલી નારે કૃત્યથી, હું તો ભુલીઓ હતુંરે સત્યથી;
જગદેવ ચાલ્યો વિપત્તથી, ક્રોધે લીધી સામી ભામીની ગ. ૩

પ્રવેશ ૪ થો.

ભૃગરાવાસી— ગિતી.

છે જગદેવ પ્રતાપી, સદ્ગુણ શોહી વીચારમાંસુર;
ચિંતા દુર કરીને, વિચાર એવા કરો નહીં ક્રૂર. ૧

સોલંકી—વાઘેલી દુઃખ દાઈ અતિ રિસાઈ સદા સતાવેછે,
ઉદયાદિત્ય પતિને અવગુણ મારા હજુ બતાવેછે;

મૃગનાક્ષી—(રાગ બીહાગની ગઝલ)

ફીકર આપણે કશી રાખવી નથી,
શું થશે સપતિના અતિ વિચારથી; ટેક.
વાઘેલીનું બુરૂં કૃત્ય એમને થશે,
જગદેવ ચીરંજીવ ઇશ રાખશે. ૧
દ્વેશ રાખશે તે બાઈ દુઃખ પામશે,
પાપના અમાપથી તે સુખ વામશે. ૨
ગુનેગાર ઈશના બની દુઃખી થશે,
જગદેવ ચીરંજીવ ઇશ રાખશે. ૩

સોલંકી— (રાગ સદર.)

જગદેવ કેમરે હજુ ન આવીઓ,
કાંતો આજ વાઘેલીએરે રીસાવીઓ ટેક.
જે ઇનામ આપીયુંછે તેનું રેહશે,
નિસ્ચે આજ પરિણામ બુરૂં તો થશે. ૧
નિત્ય જે મનુષ્ય હોય તે બુરૂં કહે,
ત્યારે જીવ તેમનો ઘણો ખુશી રહે. ૨
દુષ્ટીણી એ વાઘેલી તો દ્વેશ રાખશે,
નિસ્ચે આજ પરિણામ બુરૂં તો થાશે. ૩

સોલંકી—(જગદેવ રીસાઇને દેશ ત્યાગ કરતી વખત પોતાની માતુ સોલંકી પાસે રજા લેવા અરજ કરેછે તે વખત)

(રાગ જંગલો) માનો માનો માનોરે એ રાહ.)

આહાં મમ પુત્ર એમના ઘટે, કરવું અનુચિતરે; આહાં,
હું અબલા માત તુજ વિના આત. (૨)

દુઃખ મારૂં નાહીંરે મટે, કરવું અનું ચિતરે; અહાં. ૧

મૃગશાવાક્ષી—(ગજલ ગયે એકબ એક જો હવા પલટ એ રાહ.)

અહા રાજપુત્ર ઘટે નહીં, જાવું આજ વીર વીદેશમાં; ટેક.
તવ પુજ્ય માતુ આ સોલંકી, તુજ વિના થાશે બહુ દુખી;
ઝુરી ઝુરીને મરશે નકી, મારૂં બોલવું ધરો ચિત્તમાં અ. ૧
તુજ નેત્ર લાલ છે ક્રોધથી, તે મટાડીએ મમ બોધથી;
સુખ વસ્ત મલશે શોધથી પણ કલેશ દ્રષ્ટીથી દેખમાં અ. ૨

સોલંકી—(હમકું છોડ ચલે બનમાધુ એ રાહ.)

હે જગદેવ ન જાવાદે શું સુખ દુઃખ સઘળું સેશુંરે, હે. ૧
વીર મતિ તવ પત્નિ પ્યારી તેને મળ્યો તું હજુ નથીરે,
શું સુખ તેને રે હુંય બતાવું વાર વાર શું કેહેવું કથીરે હે. ૨
રાજા રાજ સ્વસુરજી તારા તે પણ ઠબકો આપે મુનેરે
સાસુરે તારી તણા તોરે મેણાં સાંભળવા નવ છોડું તનેરે હે. ૩
માટે બેટા તુંજ વીચારી છોડ મમત સુરખ મનના,
પુત્ર વીના હુંતો કોણ આધારે દુઃખે દીવશસાલે તનમારે, હે ૪

જગદેવ— (નાગનકે બચે નાગ ડસે પ્યાર નહીં કરનાં એ રાહ.)

પુજ્ય માતુ માહરી રજા તો દીજીએ,
આપની કૃપાથી શુભ કામ કીજીએ; પુજ્ય. ૧
જો કદાચ ના કહો તો પ્રાણ છોડીએ,
કલેશ માર્ગ ત્યાગી ધર્મ માર્ગ દોડીએ. પુજ્ય. ૨
આ પ્રણામ માહરા હે માતુ લીજીએ,
શુભ કાર્ય માટે પુત્ર જાઓ કીજીએ; પુજ્ય. ૩

સોલંકી— (મારૂં દીલ લાગ્યું પકાણુ શું એ રાહ.)
હે દયાલુ જગદીશરે (૨) કરજે કુશળ મારા પુત્રનું ટેક.
હે લઘુ વયનો આ બાળક વન જવાને તૈયાર; (૨)
શોક તણારે જોને દ્વેષથી, છોડે માતુનો પ્યાર (૨) કરજે.
રક્ષારે કરજેરે વિઠ્ઠલા, વિઘ્ન કરજેરે દૂર. (૨)
અરેરે આધાર છે તાહરો છે ભરૂસો ભરપુરરે, (૨) કરજે.
વ્હેલોરે વળજેરે બાળક બાપુ તુંરે જગદેવ (૨)
હું તવ માતની ચાકરી કરવાને જોને સેવ (૨) કરજે.
આઝું કહું શુંરે પુત્રતે તું છે ચતુર સુજાણ. (૨)
આ દેહ મારોરે આંહીછે. તારી પાસે છે પ્રાણ (૨) કરજે.

પ્રવેશ ૫ મો.

વીરમતિ—(જગદેવ પાટણ જતાં રસ્તામાં પોતાના સસરાનું ગામ ટુકટોડા જોઈ વિશ્રાંતી લેવા બાગના અંદર સુઈ જાય છે તે વખત તેની સ્ત્રી વીરમતિ દાસી સાથે પ્રવેશ કરેછે.)

(રાગ કનરો.)

પ્રાણનાથ કહોને વીસ્તારી, આપતણી આ દાસી ધારી ટેક.
સત્ય કહોને વલ્લભ પ્યારા, માતુ થકી તો પડ્યા કેમ ન્યારા. ૧
નોકરતોરે નહીં કોઈ સાથે, કેમ પધાર્યા આપ સુ પાથે. ૨
તવ પદ કોમળ સ્પર્શ થકી તો, શોભાવશો. કોણ દેશ નકીતો. ૩

જગદેવ— (રાગ બીહાગની ગજલ.)
વાઘેલીના કૃત્યથી વિદેશ આવીઆ,

તાત મારો ક્લેશ વચને ભમાવીઓ; વાઘેલીના. ૧
તેથી તો મુનેરે રીશ ચઢીછે નારી,
જેથી જવું દુર દેશ પ્રાણરે પ્યારી. વાઘેલીના. ૨
પાટણ જવાને માટે આંહી નીકળ્યો,
પણ તવ મુખ સુંદરનો લાભતો મળ્યો; વાઘેલી. ૩

વીરમતિ—(આનંદ બન ગીરજાપતિ નગરી એ રાહ.)
આતવ દાસી વીર મતીને સાથ લીઓ પ્રભુ મારી સતીને, આતવ. ૧
આપ વિના ક્ષણ એક નવ જાશે, પ્રાણપતિ વિના નાહીં રેહેવાશે, આતવ. ૨
આપ કૃપાળુ મેર કરીને ચાલ પ્રીયા કહો હેત ધરીને, આતવ. ૩
સેવા કરવા દાસી તમારી રેહેશે સાથે ધર્મ વીચારી, આતવ. ૪
ચાલો તૈયારી કરીએ નાથ પડીએ પાટણ પુરને પાથ, આતવ. ૫

જગદેવ— (પુષ્પિતાગ્રા છંદ.)
સુખમય દિવસો તિહાં નથીરે,
મૃદુ સ્વાદિષ્ટ અનાજ તો નથીરે;
ઉપવન પવનો નથી પિઆરી,
કર નિવાસ પિતૃગ્રહે વિચારી. ૧

વીરમતિ— (ઇંદ્રસભાની ગજલ.)
હું છું આવવા તૈયાર પ્રાણના પતિ,
માટે ના કહો ન તમો મુજને અતિ. ૧

આપ સાથ આવી સેવના કરૂં પ્રભુ,
મોક્ષ દાયક પ્રતાપિ માહરા વિભુ. ૨
સુખ દુઃખમાં સમાન ભાગ ભોગીશું.
આપને અર્થમાં અતિ વિનોદી છું. ૩

ગિતિ.

સુણો પતિ મમ પ્યારા હું હઠ છોડું નહીં કદી નાથ,
મુજ પિતુ વચન લઇને સેવા કરતા રહું આપ સાથ.

જયદેવ— (જફાઓ સીતમકે સજ્વારહું એ રાહ.)

શાને માટે આગ્રહ કરેછેરે નારે બહુ દુઃખ જંગલનું તે વિચાર. ૧
સીંહ રીંછ વાનર જનની સાથ વન વન ભટકવું તે ઉતપાત. ૨
દુઃખ લાગશે બહુ હે ભામિની પછી તો પસ્તાશે મારી કામની. ૩
માટે માની આહીં રહે વલ્લભા થોડા દીવસે હું આવીશ હડાં. ૪
ગભરા નહી પ્રીયા મારી જરી રહે પિતૂ પાસ ઉમેદ ધરી. ૫

વીરમતિ— (રાગ ઉપરનો.)

સુણો મમનાથ વિનંતી અતિ, આવુંછું હું સાથ એ માનો નકી. ૧
સતિ તો સિતાજી રામની સંગાત, દમયંતી નારી નળની વિખ્યાત. ૨
તારા મતિ રાણી હરીશ્ચંદ્ર સંગ, દ્રૌપદિને પાંડવ ફરીઆ વન. ૩
સતિ સ્ત્રીઓ જુદી રહે કેમ નાથ, કરૂં પ્રાર્થના હું જોડીને હાથ. ૪
સતિ નારી જુદી પીયુથી કેમ, રહી શકે પ્રીતમ માનો એમ. ૫
માટે આપ સાથ ફરીશું પ્રભુ, શાને માટે નારે કહોછો વિભુ. ૬

(રાગ સોરઠ.) (રતનાર નેના જાકે એ રાહ.)

પીયુ સાથ તમારી લેશોરે, ભરથારના મહીં કેશો પીડ;
આપ વિના ક્ષણ એક ન જાશે, એ અરજી મન ધરશોરે ભ. ૧
હું નિર્ભાગિ આહીં રહુંને, વન વન આપજ ફરશો રે ભ. ૨

પ્રિતમ સાથ શોભ્યા નહીં મુજને, તો આણુજ મારી ઉગ્યાર, અ. ૩

જગદેવ— (સૌ ઉમર કૃપાલુંતું એ રાહ.)

અહો પ્યારી પ્રીયા મારી ચાલતું સાથ હેનારી, અહો. ટેક
સુખી તારા થકી થઈશું પ્રીયા સાથે બંને રહીશું. અહો. ૧

વીરમતિ—

પ્રિતમ પ્યારા અહો મારા, તમારા બોલછે પ્યારા; પ્રીતમ. ૨
હવે આનંદ ભરપુર, થાય છે માહરે ઉર; પ્રીતમ. ૨

જગદેવ—

નવોઢા નાર મારા પ્રાણ, વાલી તું છે મુને સુજાણ. અહો, ૩

વીરમતિ—

સ્વર્ગ સમ સુખડું માનું પતિ મારા તમે બાનું; પ્રીતમ. ૪

જગદેવ—

રંભા કે ઉર્વશી પ્યારી, કાંતો તું મેનકા નારી. અહો. ૫

વીરમતિ—

પ્રીતમ પાટણ તો જઈએ, તહાં જઈને સુખી થઈએ, પ્રી ૬

જગદેવ—

બહુ સારૂં પ્રીયા મારી, ચાલે તું સાથ હે નારી; અહો. ૭

વીરમતિ—(કુબ્જાભી તુને ખબર ચુલે દાહુદારકી એ રાહ)

હોરસીક રમ્ય હૃદયમાં હવે ખુશી ધરૂં. હોરશી ટેક.
મુજ માત તાતભ્રાતની મંજુરી મેળવી,
તૈયાર થાઉં આ ઘડી જનોથી ના ડરૂં; હોરશી, ૧
સતિ સિતા સુલોચના મદાલસા પવીત્ર,
અનસુયાને ભોગવતિ ભાગ્યમાં ભરૂં; હોરશી. ૨

निभे शधर्म द्रौपदि प्रमाणे पाळवा,
निभाववा सति स्वधर्म नमन हुं करूं, होरशी. ३

प्रवेश ६ ठ्ठो.

स्थळ रस्तो.

जगदेव—(राग. अलेक् संतु याद् कर ए राह.)
आ छे दुःख अधिक प्रीया वनमां जवुं,
भामीनी शुं सुख माने भावीनुं थवुं; आछे दुःख.
साधवी तुंने छे योग्य वचन आ समे,
(पण) वाघेजीना वचन हृदयमां हरे भ्रम. आछे. १
सुंदरी तुंने जे योग्य आ समे जरूर,
जोइए ते न आवी शक्यो हुं पति खसुस. आछे. २
सावकी जनुनाना जे वज्र् वचनथी,
साथ तुने लावी भम्यो अटवीमां अति. आछे. ३
प्रभु कृपाळु हवे जो सहाय थायरे,
प्राण प्रीया दुःख आपणुंज जायरे; आछे. ४
विरमती— (राग सोरठ गोडी.)

(रतनार नेनाजन के ए राह.)
आ अधीक सुख हुं कहुंछुंरे मन प्राणु साथे रहुंछुं टेक.
करवुं प्राण पतिनी साथे ते सुख स्वर्ग गणुंछुं मन. १
आप तणी सेवा करवाथी मन अति हर्ष धरूंछुंरे; मन. २
आथी हर्ष कयोछे बीजो तव पद शीश धरूंछुंरे. मन. ३

જગદેવ—(એક સીંહ અને સીંહણને આવતી જોઈ વી. રમતિ ગભરાયછે તે વખત.)

બીહાગની ગજલ.

હે ચંદ્ર બદની ચંચળા તું શા માટે ડરે,
આવેલો એ સીંહ મમ હાથથી મરે; ચંદ્ર. ટેક.
આ અસી તૈયાર છે તે લેશે એના પ્રાણ,
સુંદરી વચન મમ સત્ય તું પ્રમાણ. ચંદ્ર. ૧
જીવતો હે કામની આ સીંહ જાય આજ.
પરમાર કુળનેરે લાગે પ્યારી લાજ; ચંદ્ર. ૨

(પુષ્પિતાગ્રાછંદ.)

અતિ ભય મનમાં ધરો ન પ્યારી,
સુર પુંવાર પતિ દિલે વીચારી;
ક્ષણ ભર અળગી રહેતું નારી,
હરશું પ્રાણ ક્ષણે મૃગેશ ધારી. ૧

વીરમતિ—(અધ બીચ મોહોબત તોડી બે દરદી૦એ રાહ)

હે પ્રાણનાથ (૨) હવે સીંહ તણો તતકાળ,
નાશ કરીને અસીથકી નવ કરશો વાર લગાર ટેક.
આ અતિ ક્રોધથી (૨) આવેછે તમપાસ,
પણ ક્ષત્રીની રીતથી નવ ચુકો મૃગપતિ સાથ, હે. ૧
આ મારી સીંહને (૨) કરીને નિર્ભય પંથ,
જેથી જન સૌ સદા સુખી થઈ ચાલે મારગ કંથ, હે. ૨

જગદેવ—(સીંહને માર્યા પછી) (હમકુંછાંડ ચલે૦એ રાહ.)

અહાં મમ પ્યારીરે અહા મમ પ્યારી,
રહે ધીરજ તું ધારીરે, અહા મમ પ્યારીરે;

પાટણ તો નજદીક રહ્યુંછે સાંઝે સુખથી પોહોંચાશેરે,
ચાલ પીયા વિશ્રાંતી લઇએ જઇએ આ વૃક્ષ સઘન
પાસેરે, અહા૦ ૧
ઇશ્વર સહાય થશે મુજ રામા બ્રમા ભવિષ્ય ટળેજ નહીં,
જે સુખ દુખ પ્રભુયે આપ્યુંતે મનમાં નૈવ લાવ્યો કહીંરે, અહા.૨

પ્રવેશ ૭ મો.

વીરમતિ— (પાટણનું વર્ણન.) (અમદાવાદ નામે શેહેર એ રાહ.)

અતિ શોભિત પાટણ શેહેર જોવા સરખુંરે,
રચના છે સુંદર નાથ નયણે નીરખુંરે. ૧
આનદી સરસ્વતિ નાથ નીર્મલ વારીરે,
મહા પાતકી જનના પાપને ધોનારીરે. ૨
આછે સહસ્રલીંગ તળાવ રચના કેવીરે,
કીધી કારીગરી ભરથાર જોયા જેવીરે. ૩
આ દરવાજાના સ્થંભ જોઇએ પ્રીત રે.
કરી કોતરણી રે અપાર રૂડી રીતે રે, ૪
માંહી આરસની પ્રતિમાય જોડી કાઢી રે;
વળી ઉપર કોટની બહાર કીધી આડી રે. ૫
આરે ઉપવન માંહી અનેક પુષ્પો સારાં રે;
ગુલ્દાવદી ડોલર માલતીના પ્યારા રે, ૬
માંહી ચંપા ચંમેલી ચોખલી જુઇ જાઇ રે;
તેનો સ્પર્શ કરીને પવન આવે ધાઇ રે, ૭

ધન્ય ધન્ય તુંને શ્રીહરરાજ રક્ષકપુરના રે;
તારી રક્ષા કરો કીરતાર પાલક જનના રે ૮

(ત્યારબાદ જગદેવ ગામમાં જાયછે. ને વીરમતીને સહસ્ત્રલીંગ તળાવ ઉપરે જે અશ્વની સરત રાખવા બેસાડી જાય છે)

વિરમતી— (ધરસે ઇહાં કોન જુદાકે લીએ એ રાહ)

હે જગદીશ ધરૂં શીશ અવીનાશીને;
કૃપાલુ નાથ જનાધાર પતિ કાશીને. ૧
આવ્યા છીંદુર બણે વિશ્વના હે પાલક;
કરજે સહાય દયા લાવી નંદ બાલક. ૨
પતિનો પક્ષ કરી દુઃખ દુરને કરે;
વિનવું વારવાર રે મુરારી તુંહ રે. ૩
માટિના કુંભ સમ દેહ પ્રભુ કાચી છે.
સદા સુખદાઈ સગાઈ તમારી સાચીછે ૪

ત્યારબાદ જામોતી નામની વેશ્યા વીરમતિની કઈ સાસુ બની કપટથી હરણ કરી જાય છે.)

પ્રવેશ ૮ મો.

(જગદેવ સહસ્ત્રલીંગ તળાવ ઉપર પોતાની સ્ત્રીને તથા અને અશ્વને નહીં જોતાં ગભરાઈને નીચે પ્રમાણે વિલાપ કરેછે)

(જુઓ જુઓ વિપ્રે બીડી. એ રાહ)

હે પ્યારી તું છે ક્યાંય વખત નથી જાણતી રે

આમ હસવું ન હોય સદાય, પ્રીયા નથી જાણતી રે; ૧
હવે આવ તું મારી પાસ વખત નથી જાણતી રે;
નથી દેહરીઆની આશ. પ્રીયા નથી જાણતી રે. ૨
મારે મન હર્ષ બહુ થાય, વખત નથી જાણતી રે;
પણ પ્રાણજ મારો જાય, પ્રીયા નથી જાણતી રે. ૩

(સ્વાગતા છંદ)

મંદ ભાગ્ય જગદેવ હું થયો, પ્રિય પ્રાણ લલના વિના રહ્યો,
કામિની કુમુદ કોમલાંગી હા, ક્યાં ગઈ પ્રીય પતિ વિસારી

પુષ્પિતાગ્રા છંદ.

મમ પ્રિય જનની થકીજ જુદો પડીયો હાય પ્રિયા થકી વિખુટચો
સુખ મમ સઘળું ગયું ધસાઈ, રખડ્યો હાય અતિ દુખે ફસાઈ.

(જનમો જનમ ગુન માનુંગી તેરા એ રાહ)

હે લલના તું ક્યારે સંતાઈ આ જગદેવથી કેમ રીસાઈ ટેક.
રામા તું કાં દુખ દીએછે બીન અપરાધીનો પ્રાણ લીએછે; હે.
અરે નારી નિર્દય થા માં પ્રીત વીસારી મુકી જા માં હે. ૨

(છંદ માલિની)

ધિક ધિક ધિક હાયે કૃત્ય ખુરૂં થયું છે.
પ્રિય મમ તજવાથી શૌર્ય મારૂં ગયું છે.
અણહિલપુર આવી સુખ કાળું કર્યું છે.
શિવ શિવ શિવ લાંછન શિર મારે ધર્યું છે, ૧

(કુછ બીતુને ખબર ગુલેહા એ રાહ.)

દયાલુ દેવ આ શું કોપ આજ તેં કર્યો.
દુખ રૂપ ઉદધિ મુને શીરે ધર્યો. ટેક.

આ સુખ લેઈ દુનિઆમાં શું હવે કરૂં.
ધારા નગરીમાં જઈ હવે હું શું કરૂં. દુખ. ૧
મેં ઊંચ કુળ પરમારનું લજાવીયું.
ગઈ પ્યારિ તે થકી કલંક આવીયું. દુખ. ૨
હે પ્યારિ પ્યારિ વિરમતિ ક્યાં સંતાઈ રઈ
દુખી કરી મુને તું ગુમ ક્યાં થઈ ગઈ. દુખ. ૩

રાગ મેવાડો.

આ કુળ પરમારને કલંક લાગીયું; ટેક
હું ગયોતો ગામમાં નારીને મુકી આહીં
કહ્યુંતું સંભાળજે રે રામા વીદેશમાંહી રે ક. ૧
શુધ રામા સાધવી વચન ઉલંઘે નહિ.
તે શી રીતે આંહીથી ખસી શકે વન માંહી રે ક. ૨
નિશ્ચે હણું તો થયું રે, વિના ન આવું હોય.
નિચ દુષ્ટિ નિર્લજ્જ તે લઈ ગયો કોય રે; ક. ૩

આર્યા.

હે પ્યારી તું પ્યારી હે પ્યારી તું કહાં ગઈ પ્યારી.
આ જગદેવ વીસારી ક્ષણુ ભરે અલગી કહાં રહિ નારી.

(આ વખત સિધરાજ જયસિંહ આવી પોહોંચે છે ને જગદેવને દીલાસો આપી પોતાની સાથે લઇ જાય છે)

પ્રવેશ ૯ મો

જામોતી—(કોટવાલના દીકરા લાલકુંવરને નિશો કરાવી વિરમતિ પાસે મોકલે છે)

લાવણી.

ચોરાસા અબ પ્યાલા પીજે, માશુકકે દિલ ખુશ કરને;
લીજે જનાબ મેરા આશક, બેન્ડીકી લિજત ધરને. ૧
મજે ઓર હે ઇસ્કી પ્યારા, દોસ્તદાર દીલમે જાને;
નાજુક બદની નાર દેખકે બડી મજે પાવે ગાને. ૨
યહ શરબત હે ખુશ કરનેકા, માશુકકે દીલદારે ભલા;
સારી રાત મજેમે જાવે, જનાબ લીજે નામ અલા. ૩
ઉડાઓ રંગ બદન ગૂલ આગે.જાઓ બખત અબ હે પ્યારા;
બાત ફજરમે મીલકે કહના, માંશુકકી ફીર દીલદાર. ૪

વિરમતિ—(આ બધું કપટ છે અને મારૂં હરણ થએલ છે એમ ધારી ઇશ્વરસ્તુતિ કરેછે)

(રાગ કલ્યાણ.)

(અંબા ભવાની રક્ષા કરો એ રાહ)

રક્ષા રે કરજો નાથ સતિની,
પતિવૃતા અબળા ફસાઈ રે; રક્ષારે કરજો નાથ સતિની
બીરજ બેની વીરમતિ પ્રભુ,
મરશે આ દુખથી ધસાઇરે; રક્ષા રે કરજો નાથ. ૧
જોરે પતિવૃત જાશે સતીનું,
વાત જેમ ચાલશે હવાઇરે; રક્ષા રે કરજો નાથ. ૨
ગોકુળ રક્ષક ગોવર્ધન ધ્રત.
પાહી પાહી દુખે હું દબાઇ રે, રક્ષારે કરજો નાથ. ૩

(બેવાડો)

રમાપતિ સુરેશ્વરે બચાવ મારા પ્રાણ. ટેક,

વિર્યાવમાં લીન છું હે કૃપાળુ પ્રભુ;
રૂક્ષિણીના ફંદમાં ફસાણીછું જગદીશ રે, મેળવ. ૧
પ્રાણ મારાનાં પતિ રે મારા વિના આજ,
કેવું દુખ થશે તમોને રે તે જાણે જગરાજ રે, મેળવ. ૨
શું કરૂં ને ક્યાં જવું છે, નાશીને મુરાર,
કુબજાના કૃત્યથી રે હારીછું જગધાર રે, મેળવ. ૩
આવું દુઃખ આ નારીથી રે નહીં સેહેવાશે નાથ.
માટે પાડું દેહને રે હે આદી નીદાન રે, મેળવ. ૪
વહાલા વેલા આવજો રે સહાય મારી આજ.
પરમાર કુળને રે લગાડો કાં લાજ રે, મેળવ. ૫
કૃપાળુ કમળાના પતિ રે શું ધાર્યું છે કૃત્ય.
વિરમતી નારીનું રે જાવા બેઠું સત્ય રે, મેળવ. ૬

(આ વખત લાલકુંવર નિશો કરીને આવેછે અને વિરમતિ તેનો નાશ કરેછે છેવટ ફરીઆદી થતાં સિધરાજ આવેછે તે વખત પણ કેટલાએક માણસોનો વીરમતી નાશ કરેછે ત્યાર બાદ ખરી હકીકત જાહીર થતાં કોટવાળને અને જામોતીને હદ પાર કરી જગદેવ ને વીરમતિ સાથ મીલાપ કરાવી ખાનગી નોકર તરીકે જગદેવને રાખે છે.

રાગ દેશ.

સત્યતો રહ્યુંછે પ્યારા આપને પ્રતાપ. સત્યતો ટેક
જામોતિ જે વેશ્યા નારી કપટ કરી મુજ સાથ,
કુટ્ટી બનીને આવી પ્યારા મળવા બીધી બાથ. સત્ય. ૧

દુખ દુર તો નાથ થયું છે ધણી રાખી લાજ,
છે મમ વલ્લભ આપ કૃપાથી, સિધ થયું સુકાજ. સત્ય.૨

જગદેવ— (શીખરીણી છંદ.)

વિશાલાક્ષિ કાંન્તે તવ મુખ-સદા દેખી સુખ દે;
ખુશી રેતો પ્યારી વિકટ વિઘનો તોય દુખ દે.
તથાપિ ધશે તો શુભ મમ કર્યું, કાર્ય કુમુદે.
સદા લજ્જા રાખી ગગન તલવા સીવ સુભગે ૧

વિરમતિ—(લાગી છે લતાઓ આલી વૃક્ષની ઘણી એ રાગ)

પ્રાણનાથ સુખ તો અધીક આ થયું,
વીઘ્ન સર્વ આપના પ્રતાપથી ગયું; પ્રાણ ૧
પ્રાણનાથ રક્ષક પ્રતાપી જેના હોય,
દુઃખ તો દયાલુ તેને નાપી શકે કોય; વિઘ્ન. ૧
એક નેક ટેક જન રાખશે સદા,
વિપત્તિઓ દુર થશે જશે આપદા. વિઘ. ૨

પ્રવેશ ૧૦ મો.

વિરમતિ સ્વગત.

(રાગ ઝીંઝોટી.)

ધિરજ તણાં ફલ સુભજ થાયે ધીરજ. ટેક.
ધિરજથી મુજ સત્ય રહ્યુંછે ધિરજ થકી દુખ જાયે. ધિ. ૧
જામોતિનાં ફંદ થકી તો બિન ધિરજ મુક્ત ના થવાયે ધિ. ૨
આ સુખ મળિયું ધિરજથી તો યશ ગુણ હવે તો ગવાયે ધિ. ૩

(પ્રભુ મેહેર કર હમ પર એ રાહ)

એ સુ પુત્ર દેખી દીલ હર્ષ થાય છે,
પુત્રવતિ માતા યશ ગુણ ગાયેછે. એસુ ટેક.
અંકમાં રમાડું બિજ, ધવલ આ બાળ,
જગ ધવલ સુતોછે આરે મારી પાસ; પુત્ર. ૧
પ્રાણ સમ પુત્ર મારા ઘણું જીવજો,
સેવના માતા પિતાની ઘણી કરજો; પુત્ર. ૨
વિરમતિ માતાની ઉમેદ પુરી થાય,
બે પુત્રના યશ તો જગતમાં ગવાય; પુત્ર. ૩

(જગદેવ પ્રવેશ કરીને)

જગદેવ—(રાજા હું મેં કોમકા ઇંદ્ર મેરા નામ એ રાહ)
સુણ રે સુજાણ સુંદરી પ્યારિ ચતુર સુજાણ,
ગૌરવર્ણી ગુલદાવદી તું છે મારા પ્રાણ. ૧
કોકીલ કંઠી કામીની કુસુમાવલી પવીત્ર;
હંસ ગતિ મૃગ લોચના મુગ્ધા મૌન વિચીત્ર. ૨
રસિક પ્રિયા મન રંજની નવોઢા નવલી નાર;
ચંદ્રમુખી તું ચંચળા ચપલા પ્રેત શૃંગાર. ૩
શા વિચારમાં લીન છું પ્રીયા કહે મુજને,
પ્રફુલિત મુખ જોઈ તાહરૂં પુછુંછું તુજને. ૪

વિરમતિ—(નદીઆં કીનારે કાના બાંસરી એ રાહ)
આ સુખ દૈવથી મળ્યું પીયુ મારા રે; આ સુખ. ટેક.
વાઘેલીનાં વજ્રસમ વચન કહાં મમ પ્રાણ;
ટુક ટોડાનો બાગ કહાં મળિઆં દંપતિ જાણ. પીયુ. ૧
કહાં પાટણની ભુમિકા કહાં જામોતિ નાર;

હણું થયુંતું મારૂં જાણો પ્રેમાધાર. પીયુ. ૨
સિધરાજ જયસિંહ કહાં કહાં આપણું રાજ;
નોકર વત વસીયાં ઇહાં. દેવગતિ મહારાજ. પીયુ. ૩
બે સુપુત્ર તો અવતર્યાં સુખ દીધું જગદીશ;
સુર પુર પરમારનાં દીપક કુળ અવનિશ; પીયુ. ૪
દશ વરશ વસિયાં ઇહાં સિધરાજની પાશ,
સાફ દિલથી વરતિયાં નિર્મળ યશની આશ. પીયુ. ૫

જગદેવ— (રાગ ઝીંઝોટી)

પ્રિયા મોરી ઇશ કૃપાથકિ સુખ મળ્યું તે વિચાર, ટેક.
સુધ જનોનો ઇશ્વર રક્ષક છે તે નકી પ્રીયા નીરધાર. પ્રી.૧
દુઃખ પડયામાં બાકી રહી નહિ છેવટ આનંદનો દીનૂ સાર. પ્રી૦ ૨
સુખ દુઃખ જે પડયું રે સુંદરી, તેને યાદ કરો ના લગાર. પ્રી૦ ૩
અખંડ અનુભવ મોક્ષજ મળવા ચિત્ત વિચારીએ હે નાર. પ્રી૦ ૪

પ્રવેશ ૧૧ મો.

સ્થલ સ્મશાન.

પાટણની યોગિનિઓ (વિલાપ કરેછે.)
(મારારે સ્વામી બોલોને બાળા એ રાહ.)

દુખરે દૈવ અબલાનું હરજો.
સિધરાજ ચિરંજીવ રહેજો; દુખરે દૈવ. ટેક
પ્રતિરે પાલ દુનિઆનો જાશે,
રંડાપોરે પાટણને થાશે;

મારે કેમ આમથી જોવાશે; કુમરે દેવ. ૧

દિલ્લીની ઇષ્ટદેવીઓ. (માજી તારો માટેલીએકે વાશ એરાગ)

સખી આજરે આનંદનો દીનરે સુખથી ફરશું રે.
સિધરાજતણું બલીદાન, હરશથી કરશું રે. ટેક.
અતિ આનંદ દીલ ઉભરાયે રે એની મારીરે;
થશે સીધ સચારે કાજ લીધો ઉર ધારીરે. સખી.
સખી ગાઓ ઉમંગે ગીતરે રીત પરમાણીરે;
થશે દીલ્લિપતિનું રાજ લીધો ઉર ધારીરે. સખી.

આ વખત જગદેવની નીતિ જોઇ જોગણીઓ પ્રસન થઇ સીધરાજનું અડતાલીશ વરસનું આયુષ વધારે છે.

પ્રવેશ ૧૨ મો.

સિધરાજના આયુશ વર્ધક ખબર સાંભળી નાચે પ્રમાણે ઇશ્વર પ્રાર્થના કરેછે.

પ્રધાન સેનાપતી વીગરે(ગાયછે)(સૌ ઉપર કૃપાળુ એ રાગ).

દયાલુ દેવ દયા તારી થકી સુખી થયા ભારી; ટેક.
જગત સાક્ષી કૃપાલુ દેવ, સદા તારી કરીએ સેવા ૧
તું દુનિઆનો સદા ભરતા જગતકર્તા દુઃખો હરતા. ૨
વિઘ્ન આજે હર્યું તે ઇશ, સુખી કીધા તમે જગદીશ. ૩
સિધરાજ ચિરંજીવ આજ કૃપા તારી થકી મહારાજ.૪

પ્રવેશ ૧૩ મો.

જાડેજી— (રાગ ધન્યાશ્રી)

પાલક તું જગનો દયાલુ દેવ પાલક તું જગનો. ટેક.
કાલ ભૈરવના દુઃખથી છોડી મોક્ષ ટાલો ભવનો. દ० १
આવુંરે દુઃખતો કોનેરે દઇયે, સહીયે સંકટ દુઃખનો
દયાલુ० २
માટે મુરારી બાહી ગ્રહિ, દેજો વખત સુખનો. દ० ૩

સિંધરાજ— (રાગ કાલીંગડો.)

(બડે બડે વહાડનમેં દીન એ રાહ.)

આવે મારી પાસ પીઆરી તું નારી આવ. ટેક.
જગદેવ આજ છુપાઇને બેઠા જેથી દુખ જાશેસુ વીચારી આ. ૧
કાલભૈરવને કોણ ગણેછે જ્યાં છે જગદેવ શસ્ત્ર ધારી; આ. ૨

જાડેજી—(આજ જંગલમેં ઘુઘરૂ બાજે એ રાહ)

ધારી ધારી ધારીરે આજ સુભ મતિ તમે ધારી—ટેક.
જગદેવ આજે કાલભૈરવને શિક્ષા દેશે સારીરે, આજ. ૧
આજ દંપત્તિનું દુઃખજાશે થાશે વિલાસવિચારીરે, આજ. ૨
આજે આનંદનો દીન દયાલુ પક્ષ કરીને મુરારીરે, આજ. ૩

સિંધરાજ—(કુનબીના સખીરે નાહી પરે મોયકું ચેન એ રાહ.)

પ્યારિ મારીરે નિર્ભય રહે તું મારી સાથ. ટેક.
આ દુઃખ જાશે આપ તણુંતોરે શું છેએ દુષ્ટનીવીશાત પ્યા. ૧
કાલભૈરવનું મૃત્યુથાશેરે જગદેવ કેરે હાથ-પ્યારી નારીરે. ૨
કે દામોદર તારી ***,પાથીરે થાશે સિધસુ કાજરે પ્યારી. ૩

જગદેવ કાળભૈરવને શીક્ષા આપી કેદ કરેછે અને પાછો અહીં નહીં આવવા કેટલાક સોગન આપી છોડી દીએછે.

જાદેજી— રાગ ઇંદ્રસભા

પ્રાણનાથ આપનો વિચાર સત્યછે,
તે પ્રમાણે વર્તવાને મારો મત છે. ૧
શુભ કાર્ય માંહે વિઘ્ન સેંકડો નડે,
તે પ્રમાણે આપ જાણી સીઘ્રતા કરે. ૨
શુભ લગ્ન જોઈ પ્રીય પુત્રીનું પ્રભુ,
લગ્ન કરો રાજવંશી માનીને વિભુ. ૩
આપનાજ માત્ર થવા તેજ ભુપછે,
વિદ્યા ગુણ કળાવંત શીલ રુપ છે. ૨
જગદેવપરમાર છે પવીત્ર રાજ;
જેહની કૃપા થકી થયુંછેરે સુકાજ. ૫

સિધરાજ પોતાની મોટી પુત્રી સીધમતિને જગદેવની સાથે પરણાવેછે તથા અઢી હજાર ગામ ઈનામમાં આપેછે.

સિધરાજ— રાગ બીહાગ

મમભામારે આજે ખુશી થયો, મમભામારે. ટેક
ધન્યપુત્રને છે કામની મારી,
દુઃખરૂપ ઉદધિ ગયો, મમભામારે. ૧
આ તવ બુધિ જોઈ પ્યારી,
દીલ અતિ હર્ષ થયો, મમભામારે. ૨

પ્રવેશ ૧૪ મો.

સ્થલ ધારાનગરી.

(જગદેવને પટાભીશેક કરેછે તે વખત)

ભાટ— કવિત.

અતિ ગુણ રૂપમાં અધિક એક જગદેવ,
વિદ્યાનો વિશેશ સાર ગોતનાર દેખવો;
બ્રાહ્મણનો પ્રતિપાલ કામ ક્રોધ મારનાર,
જોયો રાજા પરમાર બીજો નહીં પેખવો.
દાનમાં અતિ ઉદાર ગુણનો નહીં સુમાર,
શુભ મતિ ધારનાર ધરાને શોભાવતો;
પરાક્રમે પુર સુર ઈંદ્રના સમાન રૂપ;
કળાનો કહીએ કુપ અરીને કોપાવતો. ૧

(તમામ પાત્રો મળી ઈશ્વર સ્તુતિ કરેછે.)

(પ્રભુ મેર કર હમ ઉપર એ રાહ.)

વિશ્વનાથ વિશ્વને તું સુખી રાખજે,
દુનીઆને અમૃત દ્રષ્ટીથી દાખજે વિશ્વનાથ. ટેક
જગદેવ સમ ક્ષત્રી પરાક્રમી થાઓ;
વીર મતિ સમ સતિ પ્રસિધ જણાઓ, દુનિ. ૧
સુર પુર પરાક્રમી ક્ષાત્રી થાઓ જેહ;
ગો દ્વીજના રક્ષક પ્રતાપિ થાઓ તેહ, દુનિ. ૨

ક્ષત્રીઓની દીન દિન ચડતીજ થાઓ;
રામચંદ્ર સમ રાજા દેશમાં જણાઓ, દુનિ ૬
સુધરાયો દેશ સર્વે સુખતે લહો;
પ્રજા સર્વે સુખ સુગમ સુખને ચહો, દુનિ. ૭

સમાપ્ત.

જાહેર ખબર.

અમારા તરફથી [illegible]નાં પુસ્તકો છપાઈ બહાર પડેલ છે, માટે જે સાહેબોએ મંગાવવા જરૂર હોય તેમણે નીચેના ઠેકાનેથી મંગાવી લેવા.

શ્રવણ પિતૃભક્તિ નાટક બાપણુ તથા

	રૂ. આ. પા.
ગાયન સહીત (કીંમત)	૦—૧૨—૦
કેદારસીંહ નાટકના ઓપેરા	૦—૨—૦
સતી સુલોચના નાટકના ઓપેરા	૦—૨—૦
હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા	૦—૨—૦
જગદેવપરમાર નાટકના ઓપેરા	૦—૨—૦

લિ. ગોકળજી વી. પ્રાણજીવન રાવળ (મોરબી)

ઠેકાણું બક્ષી મુગટરામ શામજીની શેરીમાં.

હાલમાં મોરબી નિવાસી શાસ્ત્રી ચેતાશંકર પુંજાભાઈ તરફથી સર્વ મહાત્મ્યાર્થ પ્રકાશ નામનું ચોપાનીયું છપાઈ બહાર પડ્યું છે, તે ઘણુંજ રશીક અને અસરકારક છે. માટે દેશીભાઈઓ, તેના ગ્રાહક થવા ચુકશો નહી.